નવી બાબત
(વર્ષ ૨૦૧૯-૨૦)

સંયુક્ત બાગાયત નિયામક કચેરી, વડોદરાના મકાનના બાંધકામ બાબત.

**ગુજરાત સરકાર**

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર

ઠરાવ ક્રમાંકઃ બગત/૨૦૧૯/૯૪૪/ક.૮

તા:૨૨/૦૮/૨૦૧૯

**વંચાણે લીધાં:**

(૧) બાગાયત નિયામકશ્રીની કચેરી, ગુ.રા., ગાંધીનગરના તા. ૧૮/૦૫/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ બગત/વહટ/ક-૬/પરચ/03(૧૮)/૭૩૭૫-૭૬/૧૯

(૨) બાગાયત નિયામકશ્રીની કચેરી, ગુ.રા., ગાંધીનગરના તા.૧૫/૦૭/૨૦૧૯ પત્ર ક્રમાંકઃ બગત/વહટ/ક-૬/પરચ/03(૧૮)/૧૦૪૭૧-૭૨/૨૦૧૯

(૩) કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરના તા.૨૭/૬/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃ બગમ/૧૦૧૪/૩૭/ક-૮

**આમુખ:**

બાગાયત નિયામકશ્રી, ગુ.રા., ગાંધીનગરના નિયંત્રણ હેઠળ વિભાગીય કક્ષાની સંયુક્ત બાગાયત નિયામક, વડોદરાની કચેરી તા. ૦૧/૦૩/૧૯૯૯થી કાર્યરત થયેલ હોવાથી હાલ આ કચેરી નાયબ બાગાયત નિયામક, વડોદરાના રાવપુરા ખાતેના કંમ્પાઉન્ડમાં ફાળવેલ અમુક જગ્યાના હિસ્સામાં કાર્યરત છે. સંયુક્ત બાગાયત નિયામકની કચેરી, વડોદરા વિભાગીત કક્ષાની કચેરી તરીકે હાલમાં ૨૧ જીલ્લાઓનું મોનીટરીંગ અને સંકલન કરે છે. પ્રસ્તુત બે કચેરીઓ એક જ જગ્યાએ કાર્યરત હોવાથી પુરતી જગ્યાના અભાવે વિભાગીય કક્ષાની કચેરીને અનુરૂપ વ્યવસ્થા ઉભી થઇ શકે તમ ન હોવાથી અને બંને કચેરીઓના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓની બેઠક વ્યવસ્થામાં અપૂરતી જગ્યાના કારણે કામગીરીમાં તકલીફ પડે છે. વંચાણે લીધેલ સંદર્ભ (૩) ના કૃષિ અને સહકાર વિભાગના પત્રથી સંયુક્ત બાગાયત નિયામકની કચેરી માટે વડોદરાની ગ્રામસેવક હોસ્ટેલ બિલ્ડીંગની જમીન ઉપર નવા બાગાયત ભવનના બાંધકામને મંજૂરી આપવામાં આવેલ હોવાથી સંયુક્ત બાગાયત નિયામકની કચેરી, વડોદરાના નવા મકાન બાંધકામ માટે નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, બહુમાળી ભવન સબડીવીઝન, વડોદરા દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ના SOR મુજબ તૈયાર કરાયેલા કુલ રૂ.૨૭૫.૦૦ લાખના બ્લોક અંદાજો અને વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૯૦.૦૦ લાખની નવી સેવા હેઠળની જોગવાઇને વહીવટી મંજૂરી આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે સંયુક્ત બાગાયત નિયામક કચેરી, વડોદરાના નવા મકાનના બાંધકામ માટેના રૂ. ૨૭૫.૦૦ લાખના BLOCK-Estimate અને વર્ષ ૨૦૧૯-૨૦ના ફેરફાર કરેલ અંદાજપત્રમાં રૂ. ૯૦.૦૦ લાખની નવી સેવા હેઠળની જોગવાઇને નીચે મુજબની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

27/8

બાગાયત નિયામકશ્રીની કચેરી,
ગુ.રા. કૃષિભવન, ગાંધીનગર
આવક નં. 9039
તારીખ : 28 AUG 2019

શરતો:

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરનડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

૭. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

૮. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૯. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

૧૦. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

૧૧. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

૧૨. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૩. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

૧૪. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

આ યોજના માટેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી ક્રમાંક | :૮૪ મૂડી સદર |
| સેક્ટર | :ગ-આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર | :ક-કૃષિ અને સંલગ્ન સેવાઓ |
| મુખ્ય સદર | :૪૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા અને મૂડી ખર્ચની જોગવાઇ |
| ગૌણ સદર | :૮૦૦-અન્ય ખર્ચ |
| પેટા સદર | :૪૨- મકાન |

૨. વિભાગની બજેટ શાખા અને નાણા વિભાગ દ્વારા ગ્રાન્ટની ફાળવણીના હુકમો કરવામાં આવે, તદનુસાર બાગાયત નિયામકશ્રીએ નાણા વિભાગની વખતો વખતની સુચનાઓ ધ્યાને લઈને ખર્ચ કરવાનો રહેશે.

૩. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અ.મુ.સ.શ્રી(નાણાં)ની તા.૮/૮/૨૦૧૯ તથા અ.મુ.સ.શ્રી(કૃષિ)ની તા.૯/૮/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ.બી.કંથારીયા)
સેકશન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ:

(૧) બાગાયત નિયામકશ્રી, કૃષિભવન, સેકટર ૧૦- એ, ગાંધીનગર
(૨) ખેતી નિયામકશ્રી, કૃષિભવન, સેકટર ૧૦- એ, ગાંધીનગર
(૩) સંયુક્ત બાગાયત નિયામકશ્રી, (વિભાગીય કક્ષા) વડોદરા/રાજકોટ
(૪) એકાઉટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, વડોદરા
(૬) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
(૭) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની નાણા શાખા/બજેટ શાખા/આયોજન શાખા, સચિવાલય, ગાંધીનગર
(૮) નાયબ સેકશન અધિકારીની સીલેકટ ફાઇલ
(૯) શાખા સીલેકટ ફાઇલ